પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૪ | ૧૫ માર્ચ, ૨૦૧૮, ગુરૂવાર ; ફાગણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગુજરાત વિધાનસભાની કલંકિત ઘટના

ગુજરાત વિધાનસભામાં ભાજપ, કોંગ્રેસના સભ્યો વચ્ચે મારામારી : ગુજરાતી અસ્મિતાનું ચીરહરણ : ગુજરાત વિધાનસભા ઇતિહાસની સૌથી કલંકિત-શરમજનક ઘટના : કોંગ્રેસના પ્રતાપ દુધાતે ભાજપના જગદીશ પંચાલ પર માઇક વડે હુમલો કરતા ચકચાર

ગાંધીનગર,તા. ૧૪

ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં આજે સૌપ્રથમવાર સૌથી કલંકિત અને શરમજનક ઘટના ઘટી હતી. વિધાનસભા ગૃહમાં આજે ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યો રીતસરના બાખડયા હતા અને એક તબક્કે કોંગ્રેસના સાવરકુંડલાના ધારાસભ્ય પ્રતાપ દૂધાતે ભાજપના ધારાસભ્ય જગદીશ પંચાલ પર બેલ્ટ અને માઈક વડે હુમલો કર્યો હતો. કોંગી ધારાસભ્ય અમરીષ ડેરે પણ સમગ્ર મામલામાં ઉશ્કેરણીમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. પ્રજા દ્વારા ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ વિધાનસભા ગૃહમાં અભદ્ર શબ્દો અને ગુંડાગર્દી પર ઉતરી આવ્યા હતા.

વિધાનસભા ગૃહમાં આજે ગુજરાતની અસ્મિતાનું ચીરહરણ કરતાં અને લોકશાહીના લીરેલીરા ઉડાડતાં દ્રશ્યો જોવા મળ્યા હતા, જેને લઈ ગુજરાત સહિત દેશભરમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યોના મારામારીના દ્રશ્યોને લઈ ગુજરાતની અસ્મિતાને કાળો દાગ લાગી ગયો હતો. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની લોકશાહીના કલંક સમાન સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી અને મીડિયામાં પ્રસારિત થઈ જતાં દેશભરના લોકોએ તે જોઈ ગ્લાનિ અનુભવી હતી તો,

● અનુસંધાન પાન-૭ પર

આ ઘટના બની જેનાથી ખૂબ જ દુઃખી છે : જગદીશ પંચાલ

ધારાસભ્ય જગદીશ પંચાલે જણાવ્યુ કે, આ ઘટના બની તેનાથી ખૂબ જ દુઃખી છુ. અદયક્ષની સામે હાથ કરીને કોંગ્રેસના સભ્યો ઓર્ડર કરી રહ્યા હતા. અમે તેમને બેસવાનું કર્યું હતું. ભૂતકાળમાં પણ પ્રતાપ દુધાતે ધમકી આપી હતી. મે અપ શબ્દો રજુ કર્યા નથી. હું જાહેર જીવનનો વ્યક્તિ છું. કોઈપણ એમ સાબિત કરે હું ગૃહમાં અપશબ્દો બોલ્યો તો ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી દઈશ.

ગાળો બોલાવી એ ભાજપના સંસ્કાર છે : પ્રતાપ દૂધાત

વિધાનસભા ગૃહમાં મારામારી મામલે કોંગ્રેસ ધારાસભ્ય પ્રતાપ દૂધાતે નિવેદન જાહેર કર્યું કે, ગાળો બોલવી એ ભાજપના સંસ્કાર છે, અને ગાળો સહન કરવી એ મારા સંસ્કાર છે. મને ભાજપના ધારાસભ્યએ ખુબ ઉશ્કેર્યો તેથી આ ગટના બની. ઉલ્લેખનીય છે કે, પ્રતાપ દૂધાત પર આક્ષેપ છે કે, તેમણે ભાજપની ધારાસભ્ય જગદીશ પંચાલ પર તેમણે માઈક દ્વારા હુમલો કર્યો.

અઠવાડીયાથી ભાજપ અમારા ધારાસભ્યને ગાળો બોલી ઉશ્કેરતું હતું : ધાનાણી

ગુજરાત વિધાનસભામાં આજે એક ઈતિહાસને કલંકીત કરતી ઘટના સર્જાઈ છે. આજે ગુજરાત વિધાનસભાના પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન વિધાનસભા અદયક્ષે કોંગ્રેસને કોઈ મુદ્દે પ્રશ્નો ના પુછવા દેવાના મામલે ધારાસભ્યો ઉશ્કેરાયા અને ગૃની અંદર જ મારામારીના વરવા દ્રશ્યો સર્જાયા. કોંગ્રેસનો આક્ષેપ છે કે, ભાજપના ધારાસભ્યો દ્વારા વારંવાર અપશબ્દો ઉચ્ચારી અમારા ધારાસભ્યોને ઉશ્કેરવામાં આવી રહ્યા હતા, જેથી અમારા ધારાસભ્યોએ આ પ્રકારનું

કોંગ્રેસના પ્રતાપ દુધાત તેમજ અમરીષ ડેર ૩ વર્ષ માટે સસ્પેન્ડ

કોંગી બળદેવ ઠાકોરને પણ એક વર્ષ માટે સસ્પેન્ડ કરાયા

ગાંધીનગર,તા. ૧૪

ગુજરાત વિધાનસભા ગૃહના મારામારીના કેસમાં આજે સાંજે એક સબકસમાન નિર્ણયના ભાગરૂપે વિધાનસભા અધ્યક્ષે કોંગ્રેસના ધારાસભ્યો પ્રતાપ દુધાત અને રાજુલાના અમરીષ ડેરને ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવાયા હતા., જયારે કોંગ્રેસના અન્ય ધારાસભ્ય બળદેવ ઠાકોરને એક વર્ષ માટે સસ્પેન્ડ કરાયા હતા. આટલા વર્ષો માટે વિપક્ષના સભ્યોને સસ્પેન્ડ કરવાની આજની ઘટના પણ વિધાનસભાના ઈતિહાસમાં સૌપ્રથમવાર નોંધાઈ હતી. કોંગ્રેસના ધારાસભ્યોને આટલી મોટી સજા કરવામાં આવતાં વિપક્ષના સભ્યો વિફર્યા હતા અને વિધાનસભા ગૃહમાંથી વોકઆઉટ કરી બહિષ્કાર કર્યો હતો.

ગૃહમાં જગદીશ પંચાલ પર હુમલો કરાયો, નીમાબેન બાલબાલ બચ્યા : નીતિન પટેલ

ગૃહમાં સર્જાયેલા ઘટનાક્રમ વિશે નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે કહ્યું હતું કે,'' કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા ગૃહમાં હુમલો જગદીશ પંચાલ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં નીમાબેન આચાર્ય બાલ બાલ બચ્યા હતા. આ ઘટનાના સાક્ષી પણ નીમાબેન આચાર્ય છે. કોઈપણ કારણ વગર કોંગ્રેસના ધારાસભ્યો ઉશ્કેરાઈ ગયા હતા. ગૃહમાં હુમલો કર્યો હતો. આ ઘટનાની અમે નિંદા કરીએ છીએ. આટલી હિંસક, નિંદનીય ઘટના ક્યારેય જોઈ નથી.''

નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે પત્રકારો સાથે કરેલી વાતચીતમાં કહ્યું હતું કે, '' વિધાનસભામાં પોઈન્ટ ઓફ ઓર્ડરની પ્રક્રિયા ચાલુ હતી ત્યારે કોઈપણ કારણ વગર અમરિશભાઈ ઉશ્કેરાઈને ઉભા થયા હતા. તેઓ વિપક્ષના નેતા સામે હાથ કરી કશુંક બોલ્યા હતા. તે પછી ગૃહમાં કંઈ ન સંભળાય તેવી પરિસ્થિતિ

ન્યુઝ ટ્રેક

તામિલનાડુ અને કેરળમાં વરસાદની આગાહી

દક્ષિણ ભારતના તામિલનાડુ અને કેરળના મોટાભાગના વિસ્તારોમાં ઠંડા પવન સાથે ૪૮ કલાકમાં ભારે વરસાદ પડશે એવુ હવામાન વિભાગે આગાહી કરતાં જણાવ્યું છે.

સંતોષ હેગડે અન્ના હજારે સાથે જોડાશે

કર્ણાટકના પૂર્વ લોકાયુક્ત સંતોષ હેગડે અન્ના હજારેની ચળવળમાં જોડાશે.

રામજન્મ ભૂમિ કેસની સુનાવણી ૨૩મીએ

બાબરી મસ્જીદ-રામ જન્મભૂમિ વિવાદના મામલાની સુનાવણી હવે ૨૩મી માર્ચે સુપ્રિમ કોર્ટમાં હાથ ધરાશે.

સાઈના નેહવાલ ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપમાંથી બહાર

ભારતની સાઈના નેહવાલને પ્રતિષ્ઠિત ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપના પહેલા રાઉન્ડમાં જ હારનો સામનો કરવો પડ્યો હતો. તેઓ આ ચેમ્પિયનશીપમાંથી બહાર નીકળી ગયા છે.

કાનપુરની માતા-પુત્રીની ઇચ્છામૃત્યુ માટે અરજી

ઉત્તર પ્રદેશના કાનપુર શહેરના શશી મિશ્રા ઉંમર ૫૯ અને એમની પુત્રી અનામિકા મિશ્રા મસક્યુલર ડાયસ્ટ્રોફીથી પીડાતા હોવાથી તેમણે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને ઇચ્છામૃત્યુની મંજૂરી આપવા અરજી કરી છે. કાનપુર મેજીસ્ટ્રેટ રાજ નારાયણ પાંડેના જણાવ્યા મુજબ અરજીપત્ર સીધો રાષ્ટ્રપતિને મોકલવામાં આવ્યો છે.

ઈમરાન ખાન પર જૂતું ફેંકાયું

પાકિસ્તાનમાં નેતાઓ પર જુતા અને શ્યાહી ફેંકવાની જાણે સીઝન ચાલી રહી છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ બાદ હવે પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર અને તહરીક-એ-ઈંસાફ પાટીના પ્રમુખ ઈમરાન ખાન પર જૂતું ફેંકાયું છે.

મહાન વૈજ્ઞાનિક સ્ટિફન હોકિંગનું નિધન

૧૯૭૪માં બ્લેકહોલ્સ પર અસામાન્ય રિસર્ચ કરીને સ્ટિફન હોકિંગે વિજ્ઞાન જગતમાં નવી ચર્ચા જગાવી હતી : સ્ટિફને ૧૨ માનદ ડિગ્રીઓ મેળવી હતી : હોકિંગનું લંડનના કેમ્બ્રિજમાં પોતાના આવાસ પર અવસાન થયું : વિજ્ઞાન જગતમાં આઘાતનું મોજુ

લંડન,તા. ૧૪

મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગનુ આજે ૭૬ વર્ષની વયમાં અવસાન થયુ હતુ. હોકિંગના પરિવાર તરફથી આજે સવારે નિવેદન જારીને માહિતી આપવામાં આવ્યા બાદ વિશ્વભરમાં વૈજ્ઞાનિક સમુદાયમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. તેમનુ અવસાન લંડનના કેમ્બ્રિજમાં તેમના આવાસ પર થયુ હતુ. હોકિંગના બાળકો લુસી, રોબર્ટ અને ટિમે પોતાના નિવેદનમાં કહ્યુ છે કે અમને પિતાના અવસાનને લઈને ખુભ આઘાત છે. સ્ટીફન હોકિંગે બ્લેક હોલ અને બિંગ બેંગ સિદ્ધાંતની શોધ કરી હતી. સાથે સાથે આ સિદ્ધાંતને સમજવામાં ચાવરૂપ ભૂમિકા અદા કરી હતી. તેમની પાસે ૧૨ માનદ ડિગ્રી હતી. હોકિંગના કાર્યને જોઈને અમેરિકાએ તેમને સૌથી સર્વોચ્ચ સન્માન આપવામાં આવ્યુ હતુ. બ્રહ્માન્ડના રહસ્મય પર આધારિત તેમના પુસ્તક અ બ્રીફ હિસ્ટ્રી ઓફ ટાઈમ ખુબ લોકપ્રિય છે. વર્ષ ૧૯૭૪માં બ્લેક હોલ્સ પર અસામાન્ય રિસર્ચ કરીને તેમની થિયેરી મોડ આપનાર સ્ટીફન હોકિંગ્સ સાઈન્સની દુનિયામાં સૌથી મોટી હસ્તી તરીકે હતી. હેરાન કરનાર બાબત એ રહી છે કે સ્ટીફન હોકિંગ્સના દિમાગને બાદ કરતા કોઈ શરીરના હિસ્સા કામ કરતા ન હતા. સ્ટીફન હોકિંગે ધ ગ્રેડ ડિજાઈન, યુનિવર્સ ઈન નટશેલ, માઈ બ્રીફ હિસ્ટ્રી, ધ થિયોરી ઓફ એવરિથિંગ જેવા અનેક પુસ્તકો લખ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

જથ્થાબંધ ફુગાવો ઘટી ફેબ્રુઆરીમાં ૨.૪૮ ટકા થયો

નવીદિલ્હી,તા. ૧૪

હોલસેલ આધારિત ફુગાવાનો આંકડો આજે જારી કરવામાં આવ્યો હતો જે ફેબ્રુઆરી મહિનામાં ૨.૪૮ ટકા રહ્યો છે. હોલસેલ ઈંડા, માંસ અને ફિશના ફુગાવામાં ઘટાડો થયો છે. આ ફુગાવો ૦.૩૭ ટકાની સામે માઈનસ ૦.૨૨ ટકા રહ્યો છે. સતત ત્રીજા મહિને ફુગાવામાં ઘટાડો થયો છે. આની સાથે જ સ્થિતિમાં સુધારો થયો છે. ખાદ્યાન્ન અને ફ્યુઅલની ચીજવસ્તુઓમાં પણ આંકડા જારી કરવામાં આવ્યા છે. વાર્ષિક હોલસેલ પ્રાઈઝ આધારિત ફુગાવો ગયા મહિનામાં ૨.૪૮ ટકા રહ્યો છે. ફુગાવાનો આંકડો અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવેલા અંદાજ કરતા થોડોક ઓછો રહ્યો છે. ફેબ્રુઆરી મહિનામાં હોલસેલ ખાદ્યાન્ન ચીજવસ્તુઓ એક વર્ષના આધાર પર ૦.૦૭ ટકાનો વધારો થયો છે. આ મહિનાની શરૂઆતમાં તેમાં ૧.૬૫ ટકાનો વધારો થયો હતો. ફ્યુઅલ અને પાવર ફુગાવો ૪.૦૮ ટકાની સામે ૩.૮૧ ટકા રહ્યો છે. નોન ફુડ આર્ટિકલ્સમાં ફુગાવો ૧.૨૩ ટકાની સામે માઈનસ ૨.૬૬ ટકા રહ્યો છે. તમામ કોમોડિટી ઈન્ડેક્સમાં કોઈ ફેરફાર થયો નથી. મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ ઈન્ડેક્સમાં ૦.૪ ટકાનો ઉછાળો થયો છે. ફ્યુઅલ અને પાવર ગ્રુપ ઈન્ડેક્સમાં ૧.૨ ટકાનો ઉછાળો રહ્યો છે.

Teachers Requires

St.Xavier's School

Sector-8, Ch-3 Corner, Gandhinagar-382008

Teachers are required to teach the following subjects in the primary section of our school.

1. Maths & Science
2. English & S. S.
3. Computer Science

Candidate having the required qualifications can apply to the Principal within a week along with relevant documents.

Principal

યુપી પેટાચૂંટણીમાં ભાજપને પછડાટ

ગોરખપુર-ફુલપુર બેઠક પર સપાનો ભવ્ય વિજય : બિહારમાં જેહાનાબાદ, અરરિયા બેઠક આરજેડીનો વિજય : સમાજવાદી પાર્ટી અને બસપ વચ્ચે ગઠબંધન તેમજ ઓછા મતદાનની સીધી અસર દેખાઈ : ગોરખપુરમાં નિષાદની ૨૧ હજારથી પણ વધુ મતથી વિજય

નવી દિલ્હી,તા. ૧૪

ઉત્તરપ્રદેશની બે સૌથી વીઆઈપી લોકસભા સીટો ગોરખપુર અને ફુલપુરમાં સમાજવાદી પાર્ટીએ શાનદાર જીત મેળવી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના ક્ષેત્ર ગોરખપુરમાંથી સમાજવાદી પાર્ટીના ઉમેદવા પ્રવિણ નિષાદે ભાજપના ઉપેન્દ્ર શુક્લાને ૨૧૮૮૧ મતે હાર આપી હતી જ્યારે ફુલપુરમાં સમાજવાદી પાર્ટીના ઉમેદવાર નાગેન્દ્ર પટેલે ૫૯ હજારથી પણ વધારે મતથી જીત મેળવી હતી.

શરૂઆતમાં તીવ્ર સ્પર્ધા રહ્યા બાદ મોડેથી મતગણતરીમાં સમાજવાદી પાર્ટીએ લીડ મેળવી લીધી હતી. આ બંને સીટ પર સમાજવાદી પાર્ટી અને બસપ વચ્ચે ગઠબંધન તથા ઓછા મતદાનની અસર રહી હતી.

ફુલપુર પેટાચૂંટણીમાં મોટા અંતરથી જીત હાસલ કરી હતી. નાગેન્દ્ર પટેલને અહીં ૫૯૬૧૩ મતે જીત મેળવી હતી. તેમને ૩૪૨૭૯૬ મત મળ્યા હતા જ્યારે ભાજપના કૌશલેન્દ્ર પટેલને ૨૮૩૧૮૩ મત મળ્યા હતા. ફુલપુરમાં ૩૧ રાઉન્ડથી વધુની મતગણતરી થઈ હતી. આ બંને સીટ ઉપર સપાએ જીત મેળવતા ભાજપને ફટકો પડ્યો છે. બિહારમાં જહાનાબાદ વિધાનસભા બેઠક પર આરજેડીના કૃષ્ણકુમાર મોહને જીત મેળવી હતી. અરેરિયામાં પણ આરજેડીએ જીત મેળવી છે જ્યારે ભભુઆ વિધાનસભા બેઠક પર ભાજપે જીત મેળવી છે. અગાઉ બિહાર અને ઉત્તરપ્રદેશમાં લોકસભા બેઠકોની પેટાચૂંટણીના પરિણામ આજે જાહેર થવાની શરૂઆત થઈ હતી. મતગણતરી શરૂ થયા બાદ સમાજવાદી પાર્ટી અને ભાજપ વચ્ચે છેલ્લે સુધી સ્પર્ધા રહી હતી. પરિણામ આવ્યા બાદ મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથને ફટકો પડ્યો હતો. કારણ કે બંને બેઠક પર ભાજપની હાર થઈ છે. ઉત્તરપ્રદેશ અને બિહારમાં પેટાચૂંટણી માટે ૧૧મી માર્ચના દિવસે શાંતિપૂર્ણ માહોલમાં ઓછું મતદાન થયુ હતુ. ગોરખપુરમાં ૪૭.૪૫ ટકા અને ફુલપુરમાં ૩૭.૩૯ ટકા જેટલું ઓછું મતદાન થયું હતું. ૨૦૧૪માં ભાજપે બંને સીટો ઉપર મોટા અંતરથી જીત મેળવી હતી. ૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં ફુલપુરમાં ૫૦.૨૦ ટકા અને ગોરખપુરમાં ૫૪.૬૪ ટકા મતદાન થયું હતું. બિહારમાં અરરિયા લોકસભા સીટ અને ભભુઆ તેમજ જેહાનાબાદ વિધાનસભાની તેમજ ઉત્તરપ્રદેશમાં ફુલપુર, ગોરખપુર લોકસભા બેઠક માટે મતદાન યોજાયુ હતુ. અત્રે નોંધનીય છે કે હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય